# આત્મધર્મ

માસિક : વર્ષ-૩ * અંક-૮ * એપ્રિલ, ૨૦૦૯



આત્મા જ્ઞાયક છે ને વસ્તુની પર્યાય ક્રમબદ્ધપણે સ્વયં થાય છે—એવા વસ્તુસ્વરૂપને નથી જાણતો તેનું જ્ઞાન સાચું થતું નથી ને સાચા જ્ઞાન વગર નિર્મળપર્યાય એટલે કે શાંતિ કે ધર્મ થતો નથી.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ ભયંકર મગરમચ્છ આદિ જળચર પ્રાણીઓ જેની અંદર ઊછળી રહ્યાં છે અને ભયાનક વડવાગ્નિ જેની અંદર વસે છે એવા ભયંકર સાગર મધ્યે આવી પડેલા વહાણમાંના માણસો પણ આપના સ્મરણથી નિર્ભયપણે જોખમાયા વગર તરીને પાર થઈ શકે છે. ૧૦૯૨. *(શ્રી માનતુંગ આચાર્ય, ભક્તામરસ્તોત્ર, શ્લોક-૪૪)*

❀ રોગ અને જરા આદિરૂપ વિકાર વાસ્તવમાં મારા નથી, તે તો શરીરના વિકાર છે અને હું તે શરીરથી સંબદ્ધ હોવા છતાં પણ વાસ્તવમાં તેનાથી સર્વદા ભિન્ન છું. ઠીક છે–વિકાર ઉત્પન્ન કરનાર વાદળાઓ સાથે આકાશનો મેળાપ થવા છતાં પણ તેમાં કોઈ પ્રકારનો વિકારભાવ ઉત્પન્ન થતો નથી. ૧૦૯૩.

(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, સદ્બોધ ચંદ્રોદય, શ્લોક–૨૩)

❀ ખીર અને નીર મળેલાં હોવા છતાં, હંસલા સ્વભાવથી જ વગર-પરિશ્રમે ખીરને જ પીવે છે; તેમ સજ્જન જ્ઞાની-હંસ શાસ્ત્રસમુદ્રમાંથી ભેદજ્ઞાન વડે કેવળ આત્માના સદ્ગુણોને જ ગ્રહણ કરે છે. ૧૦૯૪. *(શ્રી નેમિશ્વર–વચનામૃત–શતક, શ્લોક– ૫૬)*

❀ અનાદિકાળથી આત્માની પાછળ પિચાશની માફક લાગી રહેલા ક્રોધાદિ પ્રબળ વેરીઓ તપના પ્રભાવથી તત્કાલ જીતી શકાય છે અને પ્રાણને સાટે પણ ન પ્રાપ્ત થાય તેવા દુષ્પ્રાપ્ય સમ્યક્ ગુણો શીઘ્ર પ્રગટ થાય છે તથા ભાવિમાં મોક્ષપુરુષાર્થની સ્વયમેવ સિદ્ધિ પ્રાપ્ત થાય છે તો એ અનંત આતાપને શીઘ્ર સંહારવાવાળા તપ વિષે ક્યો વિવેકી પુરુષ ના રમે? રમે જ. વિવેકી અને કલ્યાણના પીપાસુ આત્માઓને માટે તપ એ એક આનંદદાયક ક્રીડાવન છે, ત્યાં ખેદ કે ક્લેષ શાનો હોય? ૧૦૯૫.

(શ્રી ગુણભદ્રઆચાર્ય, આત્માનુશાસન, શ્લોક–૧૧૪)

❀ ......કારણ કે સર્વજ્ઞદેવો સમસ્ત (શુભ તેમજ અશુભ) કર્મને અવિશેષપણે બંધનું સાધન કહે છે તેથી (એમ સિદ્ધ થયું કે સર્વજ્ઞદેવોએ) સમસ્ત કર્મને નિષેધ્યું છે અને જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે. ૧૦૯૬. *(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ– ૧૦૩)*

❀ નિર્દય પુરુષોંકે દ્વારા ચલાયે હુએ વચનરૂપ શસ્ત્ર ઈસ પૃથ્વીતલ પર જીવોંકે મર્મકો તીક્ષ્ણ શસ્ત્રોંકે સમાન તત્કાલ છેદન કરતે હૈં, ક્યોંકી અસત્ય વચનકે સમાન દૂસરા કોઈ ભી શસ્ત્ર નહીં હૈ. ૧૦૯૭. *(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૯, શ્લોક– ૨૬)*

વર્ષ-૩
અંક-૮

સંવત
૨૦૬૫
April
A.D. 2009




# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

### ૧૨૦મી જન્મજયંતી પ્રસંગે

# શ્રુતલબ્ધિવંત ગુરુ-કહાનને....

### [વૈશાખ સુદ બીજ]

અહો! તીર્થંકરપ્રભુની દિવ્યધ્વનિ છૂટવી અને વિહાર થવો એ ભવ્યોના મહાભાગ્યને લઈને હોય છે. તેમ હે ભાવિ તીર્થાધિનાથ ગુરુદેવ! વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામીની ધર્મસભામાં બિરાજનારા આપનું અહીં આગમન થવું અને અમ ભક્તોને પામરપણામાં પણ પ્રભુતાનો અનુભવ કરાવનારી ભાવપ્રધાન અધ્યાત્મરસકસથી નીતરતી આપની એ દિવ્યવાણીનો ૪૫-૪૫ વર્ષો સુધી ધોધ વહેતો રહેવો એ ભક્તોના મહાભાગ્યને લઈને જ હતા. તોપણ અમ પામર જીવોની આપ પ્રત્યેની અર્પણતાની અધૂરાશને લઈને આપશ્રી અમને છોડીને સ્વર્ગે બિરાજ્યા એ આપના વિરહને અને અમારી અર્પણતાની અધૂરાશને અમે ભૂલી શકીએ તેમ નથી.

પ્રભુ! અન્યમતમાં એક વાત આવે છે કે સુરદાસ શ્રીકૃષ્ણને કહે છે કે હે ભગવાન! આપ મારા હાથમાંથી છટકી જઈને ભલે દૂર જાઓ પણ આપને મેં મારા હૃદયમાં બિરાજમાન કર્યા હોવાથી કોટિ ઉપાયે પણ આપ મારા હૃદયથી દૂર નહીં જઈ શકો; તેમ હે પ્રભો! આપ અગને છોડીને ભલે અમારી નજરોથી દૂર જઈ વસ્યા, તોપણ હે પ્રભો! આપના જ્ઞાન-સાગરમાંથી વીણેલાં અણમૂલાં રત્નોને અમારા હૃદયમાં સંગ્રહીને તેના સતત સ્મરણ-ચિંતવન વડે અમે આપને સદાય અમારી નજર સમક્ષ સાક્ષાત્‌પણે જ અનુભવીએ છીએ.

હે પ્રભો! આપનો જ્ઞાનસાગર તો અમ બાળકો ઉપરની કરુણાને લીધે ૪૫-૪૫ વર્ષ સુધી એટલો તો ઉછળ્યો હતો કે એ ઉછળતાં ઘૂઘવાટની–અધ્યાત્મ-અમૃવાણીની ગર્જના આજે પણ સાક્ષાત્‌વત સંભળાઈ રહી છે.

પ્રભુ! આપના અગાધ અમાપ ઉપકારોનું ક્યા શબ્દોમાં વર્ણન કરીએ! જેમ ભગવત્ કુંદકુંદાચાર્યદેવે ને અમૃતચંદ્રાચાર્યદેવે પરમાગમોની રચના ને ટીકા દ્વારા આ પંચમ આરામાં તીર્થંકર ને ગણધર તુલ્ય કામ કર્યું છે, તેમ હે ગુરુદેવ! એ મહાન અધ્યાત્મશાસ્ત્રોના ગૂઢ શબ્દોમાંથી, એ શબ્દોના સીધા અર્થની પેલે પાર છૂપાયેલાં ગૂઢ ભાવોના ઉદ્‌ઘાટન દ્વારા, અમ મંદબુદ્ધિ જીવોની શાસ્ત્રના અર્થ સમજવાની મૂંઝવણ દૂર કરીને, સ્વાનુભૂતિનો જે માર્ગ આપે સ્પષ્ટરૂપે પ્રરૂપ્યો તે અનંત અનંત ઉપકારોનું વર્ણન તો સ્વાનુભવવિભૂષિત ધર્માત્માઓ સિવાય બીજું કોણ કરી શકે? પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી તો કહે છે કે આપને શ્રુતની લબ્ધિ હતી. ખરેખર, હે ગુરુદેવ! હજારો વર્ષ પહેલાં શાસ્ત્રોમાં ગૂંથાયેલાં એ ગૂઢ શબ્દોની પેલે પાર છૂપાયેલાં ગૂઢ અગાધ ભાવોનો પાર પામી જવો એ શ્રુતની લબ્ધિનું જ સામર્થ્ય હોઈ શકે. તેથી જ ગુરુ-ઉપકારની ગહનતા સમજાવતાં પૂજ્ય સોગાનીજી કહે છે કે 'પૂજ્ય ગુરુદેવશ્રી અપને લીયે તો અનંત તીર્થંકરસે અધિક હૈં...'

પ્રભુ! આપની કલ્યાણવર્ષિણી મંગલ છત્રછાયાની તો શી વાત! પણ પ્રભુ, આપના જ્ઞાન-સાગરમાંથી ઉછળેલી આપની એ દિવ્યવાણીની પણ શી વાત! આપની એ દિવ્યવાણીનું જ્યાં અમે શ્રવણ કરીએ છીએ ત્યાં આપનો વિરહ માનતું અમારું મન ખોટું પડે છે ને આપ જાણે કે સાક્ષાત્‌રૂપે બિરાજતા હો એવો એ દિવ્યવાણી અનુભવ કરાવે છે. ધન્ય એ અસીમ ઉપકારી દિવ્યવાણી!

પ્રભુ! આ વિશ્વમાં ઉત્તમમાં ઉત્તમ પદાર્થ આત્મા છે અને એવો સર્વોત્તમ જેણે આપ્યો તેના ઉપકારનું કથન જ જ્યાં બની શકતું નથી ત્યાં તેમના અસીમ ઉપકારના પ્રત્યુપકાર વાળવાનું કાર્ય તો અસંભવિત જ હોય તેમાં કાંઈ આશ્ચર્ય નથી. આશ્ચર્યની વાત તો એ છે કે જેમ જેમ અમ ભક્તોને અમારા હૃદયમાં સર્વોત્કૃષ્ટ સ્થાને બિરાજમાન આપશ્રી પ્રત્યે કૃતજ્ઞતાની ઉગ્ર ભાવનાથી વધુ ને વધુ અર્પણતા આવે છે તેમ તેમ અમ ભક્તો ઉપર આપશ્રીનો અસીમ ઉપકાર વધતો જ જાય છે.

હે પ્રભુ! શ્રી સમયસારની પહેલી ગાથા હો કે છઠ્ઠી ગાથા હો, અગિયારમી ગાથા હો, ૭૫મી ગાથા હો કે ૧૮૧મી ગાથા હો કે ૩૨૦મી ગાથા હો કે ૩૫૬મી ગાથા

હો; શ્રી નિયમસારની ૩૮મી ગાથા હો, ૫૦મી ગાથા હો કે ૧૧૦મી ગાથા હો; શ્રી પ્રવચનસારની ૮૦મી ગાથા હો કે ૯૯મી ગાથા હો કે ૧૦૦મી ગાથા હો કે ૧૧૪મી ગાથા હો;—કોઈ પણ શાસ્ત્રની કોઈ પણ ગાથા ઉપરના આપશ્રીના પ્રવચન હો—પણ એ વખતે તે તે ગૂઢ શબ્દોમાં છૂપાયેલા તાગને પામીને આપે જે ઊંડા ભાવો અમને સમજાવ્યા હતા તે ભાવોમાં અમે આજે પણ જેમ જેમ ઊંડા ઊતરીએ છીએ તેમ તેમ આપના અગાધ ઉપકાર-મહિમાનો અમને વિશેષ વિશેષ અનુભવ થતો જાય છે અને જેમ જેમ એ ઉપકાર-મહિમાનો વિશેષ વિશેષ અનુભવ થતો જાય છે તેમ તેમ આપના એ ઊંડા ભાવોની ગહનતા વિશેષ વિશેષ સમજમાં આવતી જાય છે. એ બધો આપની શ્રુતની લબ્ધિનો જ ચમત્કાર છે.

હે પ્રભો! અમારી આત્મસાધનામાં સાક્ષાત્ પરમ હિતરૂપ આપની ભાવ- પ્રધાન દિવ્યવાણીમાંથી ગ્રહણ કરેલા અધ્યાત્મના અણમૂલાં રત્નોના સ્મરણ-ચિંતન-મનન વડે 'ગુરુસે યહ વરદાન સુપાઉં, ફિર જગકીચબીચ નહીં આઉં'—એવી ભાવના પૂર્વક, આજના આ ૧૨૦મી જન્મજયંતીના મંગલ દિને શ્રદ્ધાભક્તિથી કોટિ કોટિ વંદન.

—મુમુક્ષુ સમાજ વતી સંપાદક

## * સર્વ જીવો પૂર્ણાનંદને પામો *

સર્વ જીવો સાધર્મી છે, કોઈ વિરોધી નથી. સર્વ જીવો પૂર્ણાનંદને પ્રાપ્ત થાવ! કોઈ જીવો અપૂર્ણ ન રહો, કોઈ જીવો અલ્પજ્ઞ ન રહો, કોઈ જીવો વિરોધી ન રહો, કોઈ જીવો વિપરીત દૃષ્ટિવંત ન રહો. બધા જીવો સત્યના માર્ગે આવી જાવ! ને સુખી થાવ. કોઈ જીવમાં વિષમતા ન રહો. બધા જીવો પૂર્ણાનંદરૂપ પ્રભુ થઈ જાવ. સમયસાર ગાથા-૩૮ના શ્લોકમાં અમૃતચંદ્રાચાર્ય કહે છે કે સર્વ જીવો આત્મામાં મગ્ન થાવ! આહાહા! જુઓ જ્ઞાનીની ભાવના! પોતે પૂર્ણાનંદસ્વરૂપ આત્મામાં મગ્ન થાય છે એટલે સર્વ જીવો પણ પૂર્ણાનંદસ્વરૂપમાં મગ્ન થઈ સુખાનુભવ કરો એમ કહે છે.

—પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ આશીર્વચન

ગુરુવાણીમાંથી ચૂંટેલાં

# અણમૂલાં અધ્યાત્મરત્નો

❀ આત્માર્થી :—આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે પુરુષાર્થ કેવી રીતે કરવો?

પૂજ્ય ગુરુદેવ :—પ્રથમ વિચારમાં નિરાવલંબીપણે ચાલવું જોઈએ. કોઈના આધાર વિના જ અદ્ધરથી જ ચાલે કે હું આવો છું...ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપ છું...વિગેરે. તે વિચારો ચાલતાં ચાલતાં એવો રસ આવે કે બહારમાં આવવું ગોઠે નહિ. હજુ છે તો વિકલ્પ, પણ એમ જ લાગે કે આ હું... આ હું...એમ ઘોલન ચાલતાં ચાલતાં એ વિકલ્પો પણ છૂટી જાય, પછી તો સહજ થઈ જાય....સ્વાધ્યાય વખતે પણ આનું આ જ લક્ષ ચાલ્યા કરતું હોય, આ દ્રવ્ય, આ ગુણ, આ પર્યાય...આ વિચારો ચાલતાં આખા જગતના બીજા વિકલ્પો છૂટી ગયા હોય છે. શાસ્ત્રોના શબ્દો વિના હૈયા-ઉકેલ થઈ જવો જોઈએ. ઉપાડ મૂળમાંથી આવવો જોઈએ. બીજું ઓછું સમજાતું હોય તેનું કાંઈ નહીં...અન્ય સર્વ વિકલ્પો છૂટી જાય અને અદ્ધરથી આત્મા સંબંધી જ વિચારો ચાલ્યા કરે અને વળગ્યા જ રહે. આખી સત્તાનું જ્ઞાનમાં ઘોલન ચાલે છે. પ્રયોગ તો એણે જ કરવો પડે છે...વિશ્વાસ આવવો જોઈએ... બીજી બીજી ચિંતાઓ હોય તો આ ક્યાંથી ચાલે?...આનો અભ્યાસ વારંવાર જોઈએ.

❀ ગમે તે પ્રસંગ હો, આત્માનું જ્ઞાતાદ્રષ્ટાપણે રહેવું તે જ શાન્તિ છે. સંયોગો પ્રતિકૂળ હો કે અનુકૂળ, એ દરેક પ્રસંગમાં 'હું એક શુદ્ધ ચૈતન્ય આનંદઘન છું' એ દૃષ્ટિ ખસવી ન જોઈએ. મારું અસ્તિત્વ સહજ એક જ્ઞાયકભાવ છે, તેમાં શરીરાદિ પરનો કે રાગાદિ વિભાવનો પ્રવેશ નથી અને મારો જે સ્વભાવ છે તે પરમાં જતો નથી–આવી દૃષ્ટિ રહેવાથી પરના ગમે તે પ્રસંગમાં જીવને શાન્તિ જ રહે, ખેદનો ખદબદાટ ન થાય. અહા! આવી વાત છે!

❀ જોકે કર્મ તથા ભાવકર્મ આત્મા સાથે આકાશના એકક્ષેત્રાવગાહરૂપ છે, જે આકાશના પ્રદેશમાં શુદ્ધ ચેતના છે તે જ પ્રદેશમાં વિકાર છે પણ પોતાના પ્રદેશની અપેક્ષાએ જોઈએ તો એકક્ષેત્રાતગાહરૂપ નથી. નિત્યતાદાત્મ્યપણે તો નથી પણ અનિત્ય-તાદાત્મ્યપણે પણ નથી. વિકાર ને આત્માની વચ્ચે સંધિ છે, કેમ કે બે કહેતાં બે એક થયા જ નથી, બે વચ્ચે સંધિ છે. ચેતનામાત્ર દ્રવ્ય, જાણન-દેખન સ્વરૂપ આત્મા શુદ્ધ સ્વરૂપ એક વસ્તુ ને વિકાર બીજી વસ્તુ છે, કેમ કે શુભાશુભ ભાવ આસ્રવતત્ત્વ છે ને આત્મા

જીવતત્ત્વ છે. વિકાર ભલે પર્યાયરૂપ છે પણ તે તત્ત્વરૂપ છે, તેમાં સપ્તભંગી ઊઠે છે.

❀ અરે પ્રભુ! નિમિત્તથી ઉપાદાનમાં કાંઈ કાર્ય થતું જ નથી. જ્ઞાન થવાની યોગ્યતા અનુસાર સમયસાર આદિ નિમિત્ત તો સહજ હોય છે. દરેક દ્રવ્યની પર્યાય તે તે સમયની યોગ્યતાથી જ સ્વતંત્ર કાર્યરૂપે પરિણમે છે તેમાં નિમિત્તભૂત અન્ય દ્રવ્ય અકિંચિત્કર છે. "યોગ્યતા જ સર્વત્ર શરણરૂપ છે." કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યને લાવી શકે કે અન્ય દ્રવ્યમાં ફેરફાર કરી શકે કે ક્ષેત્રાંતર કરી શકે છે તેમ માનનાર સર્વજ્ઞની આજ્ઞા બહાર છે, મિથ્યાદૃષ્ટિ છે. દર્શનમોહથી મિથ્યાત્વ થયું, જ્ઞાનાવરણીથી જ્ઞાન હીણું થયું આદિ કથનો શાસ્ત્રમાં આવે છે તે તો ઉપાદાનથી થતાં કાર્યકાળે નિમિત્ત કેવું હોય છે તેનું જ્ઞાન કરાવવા વ્યવહારથી કથન કરવામાં આવે છે.

❀ જેને દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ થઈ છે તેને દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક ભાસે છે, શરીરાદિ કાંઈ ભાસતું જ નથી. ભેદજ્ઞાનની પરિણતિ એવી દૃઢ થઈ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી ભિન્ન ભાસે છે. દિવસે તો ભિન્ન ભાસે છે પણ રાત્રિમાં ઊંઘમાં પણ આત્મા નિરાળો જ ભાસે છે. સમ્યગ્દૃષ્ટિને ભૂમિકા અનુસાર બાહ્ય વર્તન હોય છે. પરંતુ બાહ્ય વર્તનમાં પણ કોઈ પણ સંયોગોમાં એની જ્ઞાનવૈરાગ્યશક્તિ કોઈ જુદા જ પ્રકારની રહે છે. બાહ્યથી ગમે તે પ્રસંગમાં સંયોગમાં જોડાયેલો દેખાય તોપણ જ્ઞાયક તો જ્ઞાયકપણે જ ભાસે છે. વિભાવથી ભિન્ન જ્ઞાયકપણે નિઃશંક ભાસે છે. આખું બ્રહ્માંડ ફરી જાય તોપણ સ્વરૂપ-અનુભવમાં નિઃશંક વર્તે છે. જ્ઞાયક ઉપર ચડીને ઊર્ધ્વરૂપે બિરાજે છે, બીજા બધા નીચે રહે છે. ગમે તેવા શુભભાવો આવે, તીર્થંકરગોત્રનો શુભભાવ આવે તોપણ તે નીચે જ રહે છે. દ્રવ્યદૃષ્ટિવંતને આવું અદ્‌ભુત જોર વર્તે છે.

❀ જીવ વિભાવ-પરિણામથી શૂન્ય છે, ક્યારે?—કે ત્રણેકાળ ને ત્રણેલોકમાં. અરે! જે અનંતકાળમાં ત્રસપણું પણ પામ્યો નથી ને ભવિષ્યમાં પણ ત્રસપણું પામશે નહીં એવા નિગોદનો જીવ પણ વિભાવના પરિણામથી શૂન્ય સ્વભાવે છે. પર્યાયમાં ભલે ગમે તે પ્રકાર હો પણ જે શુદ્ધ જીવ છે એ તો આવો જ છે. ત્રણેકાળ ને ત્રણેલોકમાં જે જીવ છે તે આવો જ છે, એટલે કે વિભાવ-પરિણામથી શૂન્ય શુદ્ધ જીવ છે. વર્તમાનકાળે શુદ્ધ કે ભવિષ્યમાં થશે ત્યારે શુદ્ધ છે એમ નહીં પણ ત્રણે કાળે ભગવાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આત્મા છે. ભલે પછી પાંચમો કે છઠ્ઠો આરો હો ને ભલે પછી કસાઈ થઈને ગાયોને કાપતો હોય પણ અંદર જે આત્મા છે તે આવો ભગવત્ સ્વરૂપ શુદ્ધ છે. પર્યાયમાં ગમે તેવા પરિણામ થયા પણ ભગવાન છે તે તેમાં આવતો જ નથી. કઈ દૃષ્ટિએ?—પર્યાયદૃષ્ટિએ

નહીં હો! શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ ત્રિકાળ આનંદકંદ પ્રભુ શુદ્ધ છે અને તે જ ભૂતાર્થ છે.

❀ મુખ્ય વાત તો એ છે કે ભગવાન આત્મા ત્રિકાળી વસ્તુ તરીકે તો પર્યાયથી રહિત છે છતાં પર્યાયાર્થિકનયથી તેનું જે પરિણમન છે તે ક્રમસર થાય છે, આઘી-પાછી થતી નથી; તો પછી પુરુષાર્થ ક્યાં રહ્યો!—કે ક્રમસર થશે એવો નિર્ણય ક્યારે થાય?—પર્યાયમાં રહીને પર્યાયનો નિર્ણય ન થાય, જ્ઞાયકસ્વભાવના લક્ષે ક્રમબદ્ધનો નિર્ણય થાય અને તે જ પુરુષાર્થ છે. જે પર્યાય થવાની હશે તે થશે તેનો નિર્ણય કોણે કર્યો?–કે ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો જેણે નિર્ણય કર્યો છે તેને 'જે થવાનું હશે તે થશે' એવો સાચો નિર્ણય આવે છે.

❀ શરીરના નામથી પણ એવો રંગાઈ ગયો છે કે ઘોર નિંદ્રામાં પણ એનું નામ લ્યો ત્યાં બેઠો થઈ જાય! તેમ આત્મામાં એવો રંગાઈ જાય કે ચૈતન્ય જ્ઞાયકજ્યોત છું એમ સ્વપ્નમાં પણ એ જ વાત આવે. જેને જેની લગની લાગી હોય તેને સ્વપ્ના પણ એ જ આવે. અમે આનંદ ને શુદ્ધ ચૈતન્ય છીએ, પુણ્ય ને પાપ તે અમે નહીં, અમે વ્યવહારે તેને જાણનારા છીએ, ખરેખર તેના જાણનારા પણ નથી.

❀ (સમ્યક્ માટેનો અભ્યાસ ક્યાં સુધી કરવાનો?)...ક્યાં સુધી કરવાનું શું? આનું આ જ કરવાનું છે, બીજું કરવાનું જ શું છે? આ જ કરવાનું છે. રાતના વખત મળે, સવારના વખત મળે તેમાં ધારણામાં દૃઢતા થઈ હોય એટલે ઘોલન ચાલ્યા જ કરે. આખો દિવસ આનું આ જ કરવાનું છે. નિવૃત્તિ જ છે ને! બીજું શું કરવાનું છે?

❀ શ્રોતા :—પ્રભુ! અંતરમેં કૈસે જાના વો દિખાઓ?

પૂજ્ય ગુરુદેવ :—અંદરમેં ઉતરે તબ અપને આત્માકી પ્રાપ્તિ હોતી હૈ. કહીં પરમેં મહિમા રહ જાતી હૈ–મિઠાસ રહ જાતી હૈ તો અંદરમેં જા સકતે નહીં. પહલે પરકા માહાત્મ્ય ઘટના ચાહિયે તબ હી અંદરમેં જા સકતે હૈ. લેકિન અટકનેકા સ્થાન બહુત હૈ તો કહીં ન કહીં જીવ અટક જાતા હૈ. કોઈ સંયોગકી, રાગકી, ક્ષયોપશમકી, ઐસે ઐસે કોઈ વિષયકી અધિકતા રહ જાતી હૈ તો અંદરમેં જા સકતે નહીં હૈ.

❀ અરે ભાઈ! તારા જેવું કોઈ ધનાઢ્ય નથી! તારી અંદરમાં પરમાત્મા બિરાજે છે એથી વિશેષ ધનાઢ્યપણું શું હોઈ શકે? આવું પરમાત્મપણું સાંભળતાં એને અંદરથી ઉલ્લાસ ઉછળવો જોઈએ. એની લગની લાગવી જોઈએ. એને માટે ગાંડા થવું જોઈએ.

આવા પરમાત્મસ્વરૂપની ધૂન લાગવી જોઈએ. સાચી ધૂન લાગે તો જે સ્વરૂપ અંદરમાં છે તે પ્રગટ થયા વિના કેમ રહે? જરૂર પ્રગટ થાય જ.

❀ પર્યાય આડી-અવળી થાય એટલે એની વ્યાખ્યા શું? મૂળ એને પુરુષાર્થ સૂઝતો નથી એટલે વાંધા આવે છે. ખરેખર તો પૂર્ણ પર્યાયે જાણ્યું છે એમ જ અહીં થાય છે—એમ નક્કી કરવા જાય ત્યાં પૂર્ણ પર્યાય જ્યાંથી નીકળી એવા શક્તિસ્વભાવ તરફ લક્ષ જાય છે ત્યાં હું પણ એવો જ સર્વજ્ઞ છું એમ પ્રતીત આવતાં જ આ વાત તેને બેઠી છે.

❀ પર્યાયમાં સ્વકાળે જ મોક્ષ થાય છે, વહેલો કે મોડો થઈ શકે નહિ—એમ નક્કી કરવા જાય ત્યાં એની દૃષ્ટિ ધ્રુવ ઉપર જ જાય છે અને એમાં સ્વભાવ સન્મુખનો અનંત પુરુષાર્થ આવે છે અને ત્યારે જ પર્યાયના સ્વકાળનું સાચું જ્ઞાન થાય છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન સમ્યક્ થયા એને કાર્ય થઈ જ રહ્યું છે, પછી વહેલાં મોડાનો પ્રશ્ન જ ક્યાં છે?

❀ અહો! આ આત્મા સર્વજ્ઞસ્વભાવી જ છે. જાણવું...જાણવું....જાણવું....જ જેના અંતરતળમાં ભર્યું છે, જેના અસ્તિત્વની સત્તામાં આ દેહ-વાણી-મન-વિકલ્પો આદિ બધું જણાય છે એ જાણનારો તું છો તેમ જાણ—વિશ્વાસ કર ને કર્તાબુદ્ધિ છોડી દે!

❀ પહેલી આ શરત છે કે મારે બીજી કોઈ ચીજ જોઈએ નહીં, મારે એક આત્મા જ જોઈએ એવો દૃઢ નિશ્ચય હોવો જોઈએ. દુનિયાની કોઈ ચીજ, પૈસા, આબરૂ આદિ કાંઈ નહીં પણ એક આત્મા જ મારે જોઈએ એવો દૃઢ નિશ્ચય થવો જોઈએ. આવો જેને દૃઢ નિશ્ચય હોય તેણે ગમે તેવા પ્રતિકૂળ સંયોગોમાં પણ તીવ્ર ને કરડો પુરુષાર્થ ઉપાડ્યે જ છૂટકો છે. પુરુષાર્થ વિના પ્રાપ્તિ નથી. ક્રમબદ્ધ પ્રમાણે જ આત્મા પ્રાપ્ત થશે. પરંતુ ક્રમબદ્ધનો નિર્ણય કરનારની દૃષ્ટિ જ્ઞાયક તરફ જ જાય ને ત્યારે ક્રમબદ્ધની સાચી શ્રદ્ધા થાય છે. અને બીજી વાત એ કે એક દ્રવ્યની પર્યાયને પરની સાથે કાંઈ સંબંધ નથી, એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું નથી. કર્મ આત્માને સ્પર્શતા નથી. આત્મા શરીરને સ્પર્શતો નથી. આહાહા! આવો નિર્ણય થાય ત્યારે જ તેની દૃષ્ટિ સાચી થાય છે.

❀ તારી દશામાં, વર્તમાન જ્ઞાનમાં આ પરમાત્મા પૂર્ણ છે એમ નિઃસંદેહ જાણ. દેહદેવાલયમાં ભગવાન પરમાત્મા બિરાજમાન છે. પર્યાયમાં અપૂર્ણતા છે પણ વસ્તુ પરિપૂર્ણ છે તેમ જાણ! એમ જાણનારી પર્યાય પણ કેવડી?—કે આવા ત્રિકાળી પરિપૂર્ણ પરમાત્માને જાણી લ્યે. વસ્તુ પર્યાયમાં ન આવે પણ વસ્તુ જેવી ને જેવડી છે તેનું પૂર્ણ જ્ઞાન પર્યાયમાં થાય. તું પૂર્ણ સ્વરૂપ છો, કેવળજ્ઞાનસ્વભાવી પ્રગટરૂપ આત્મા છો, તેને

નિઃસંદેહપણે પરમાત્મા જાણ. અંદરમાં પરિપૂર્ણની દૃષ્ટિ થવી તેને સમ્યગ્દર્શન કહે છે. વસ્તુ જેવી છે તેવી યથાર્થ પ્રતીતિ થવી તેને સમ્યગ્દર્શન કહે છે.

❀ આચાર્ય મહારાજ કહે છે કે ભગવાન! તારી મૂડીમાં-પૂંજીમાં-સ્વરૂપમાં રાગ-દ્વેષ બિલકુલ નથી અને બીજી ચીજ તને રાગ-દ્વેષ કરાવે એવી એનામાં તાકાત નથી પણ તારા સ્વભાવના જ્ઞાતાપણાને છોડીને અજ્ઞાનના કારણે લાંબી દોરી ચલાવે છે. આ ઠીક છે, આ અઠીક છે એવું અનંતકાળથી રાગ-દ્વેષનું મંથન કર્યું છે. પોતાના જ્ઞાતાદૃષ્ટા સ્વભાવમાં ડૂબવું જોઈએ, જ્ઞાનાનંદમાં આવવું જોઈએ એને છોડીને અજ્ઞાની રાગ-દ્વેષમાં ડૂબી ગયો છે. એનાથી તરવું મુશ્કેલ થઈ ગયું છે. જ્ઞાનાનંદ સ્વભાવમાં વિકલ્પનું ઉત્થાન છે જ નહીં, તેમાં પર પદાર્થનો તો ત્રિકાળ અભાવ છે તથા એમાં શુભાશુભ પરિણામ ઊઠે છે એનો પણ અભાવ છે-એમ જ્ઞાનમાં એકાગ્ર થઈને વિકલ્પને પૃથક્ કરવો તે જ આત્માના હિતનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહીં.

❀ સમયસાર ગાથા પાંચમા આચાર્યદેવ કહે છે કે ગુરુના અનુગ્રહથી—કૃપાથી મને અંદરમાં આનંદનું જે પ્રચુર સ્વસંવેદન પ્રગટ થયું છે એ મારા નિજવૈભવથી એકત્વ—વિભક્ત આત્માને દેખાડું છું તેને તારા અનુભવથી પ્રમાણ કરજે. તારા ભગવાનમાં અનંતી કેવળજ્ઞાનની પર્યાયો પ્રગટ થાય એવી શક્તિ ભરી છે તેને યાદ કર ને અનુભવથી પ્રમાણ કર. પંચમકાળ છે ને આવો અનુભવ ન થાય એમ ના પાડીશ નહિ. પ્રભુ! તું રાગાદિ બધું ભૂલી જા! ને તારા ભગવાનને ભૂલી ગયો છો તેને યાદ કર. ભાઈ! તું અમારી પાસે સાંભળવા આવ્યો છો ને તને અમારું બહુમાન ને ભક્તિનો રાગ છે એનાથી પણ તારો ભગવાન ભિન્ન છે તેને યાદ કર ને અનુભવથી પ્રમાણ કર. ભગવાન કેવળીનો અત્યારે વિરહ છે, કેવળજ્ઞાનનો વિરહ છે એને તું ભૂલી જા ને અનંતી કેવળજ્ઞાન-પર્યાયની શક્તિ જેમાં ભરી છે એવા તારા ભગવાનને યાદ કર ને અનુભવથી પ્રમાણ કર.

❀ વીતરાગભાવસ્વરૂપ આત્મા છે તે વીતરાગભાવથી પ્રાપ્ત થાય છે; સર્વજ્ઞ પરમાત્મા પ્રત્યેના પ્રેમનો પણ તેમાં અવકાશ નથી. બહારનું બધું ભૂલી જા. શરીર-વાણી-મનને ભૂલી જા, રાગને ભૂલી જા, એક સમયની પર્યાયને પણ ભૂલી જા. આકાશના અનંતા પ્રદેશ કરતાં પણ અનંતગુણા ગુણો આત્મામાં છે અને એક એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે, અને એક એક ગુણની પર્યાયમાં ષટ્કારકો છે-આવો ભગવાન આત્મા છે, ત્રણલોકનો નાથ છે, પણ કોડી કોડી માટે ભીખારો થઈને ફરે છે!

*

# તું પરમાત્મા છો એમ નક્કી કર!

અરેરે! હું તો રાગી છું—એ વાત રહેવા દે ભાઈ!!
પર્યાયમાં વિકાર છે એ ભૂલી જા, કેમકે
પામરપણું સ્વીકાર્યે પામરપણું કદી નહીં જાય!

—પૂજ્ય ગુરુદેવશ્રી

## રે દુરાત્મન્! હે દુષ્ટ આત્મા!! અરે તું શું માને છો! રાગાદિને તારી ચીજ માને છો!

રે દુરાત્મન્! હે દુષ્ટ આત્મા!! અરે તું શું માને છો! રાગથી ભિન્ન ચૈતન્ય ચમત્કાર તારી ચીજ છે તેને તો તું જાણતો ને માનતો નથી ને રાગાદિને તારી ચીજ માને છો! તારી દૃષ્ટિ મૂઢ છે. ૧.

## રાગના સ્વામીપણે નહીં થવું એ મિથ્યાત્વના ત્યાગની વિધિ છે

મારામાંથી જે નીકળી જાય છે અને પુદ્ગલદ્રવ્ય જેનો સ્વામી છે એવા રાગનો સ્વામી હું સદાય નહીં થતો હોવાથી મમત્વહીન છું. રાગના સ્વામીપણે નહીં થવું એ મિથ્યાત્વના ત્યાગની વિધિ છે. ૨.

## સંસાર-અવસ્થા છે ત્યાં સુધી જીવને રાગ સાથે તન્મયપણું છે એમ જ્યાં સુધી જીવ માને છે ત્યાં સુધી તે મિથ્યાદષ્ટિ છે

સંસાર-અવસ્થા છે ત્યાં સુધી જીવને રાગ સાથે તન્મયપણું છે એમ જ્યાં સુધી જીવ માને છે ત્યાં સુધી તે મિથ્યાદષ્ટિ છે. જો સંસાર-અવસ્થામાં પણ જીવ રાગાદિ સાથે તન્મય થઈ જાય તો જીવ રૂપી થઈ જાય. કેમ કે રાગાદિ અચેતન છે તેને પોતાના માને તો તેણે આત્માને અચેતન માન્યો છે. ૩.

## રાગાદિથી સહિત માનવો એ જ સંસારમાં રખડવાનું નરક–નિગોદનું મહાબીજ છે

દયા-દાન-પૂજા-ભક્તિ, શાસ્ત્ર-વાંચવા, સાંભળવા આદિના શુભભાવો અને ધંધા સ્ત્રી-પુત્ર ખાવા–પીવા આદિના અશુભભાવો તે બધા ભાવોથી આત્મા ત્રણે કાળે રહિત હોવા છતાં તેનાથી સહિત માનવો એ જ સંસારમાં રખડવાનું નરક–નિગોદનું મહાબીજ છે. ૪.

## હું તો રાગી...રાગી...તેને જિજ્ઞાસુ જ કહેતાં નથી

પરમાત્માના ઘરમાં પેસવું છે અને હું તો પામર...પામર...પામર...એ બે વાતમાં મેળ નથી. પહેલી ચોટમાં હું સિદ્ધ છું, એવું લક્ષમાં લેતો નથી તેને જિજ્ઞાસુ જ કહેતાં નથી. ૫.

## રાગના પરિણામનો કર્તા પુદ્‌ગલ છે

પરમાર્થે ઘડાને તથા માટીને વ્યાપ્ય-વ્યાપકભાવનો સદ્‌ભાવ છે, તેથી ઘડો તે કર્મ–કાર્ય છે અને માટી તેનું કારણ–કર્તા છે; પણ કુંભાર તેનું કારણ નથી. તેમ વિકારી પરિણામ તે પુદ્‌ગલના પરિણામ હોવાથી વિકારી પરિણામને ને પુદ્‌ગલને વ્યાપ્ય-વ્યાપ્‌કપણું છે, માટે રાગના પરિણામનો કર્તા પુદ્‌ગલ છે, જીવ રાગનો કર્તા નથી. ૬.

## પામરપણું સ્વીકાર્યે પામરપણું કદી નહિ જાય!

માર ધડાક પહેલેથી! તું પામર છો કે પ્રભુ છો! તારે શું સ્વીકારવું છે! પામરપણું સ્વીકાર્યે પામરપણું કદી નહિ જાય! પ્રભુપણે સ્વીકાર્યેથી પામરપણું ઊભું નહિ રહે! ભગવાન આત્મા—હું પોતે—દ્રવ્યે પરમેશ્વરસ્વરૂપ જ છું એમ જ્યાં પરમેશ્વરસ્વરૂપનો વિશ્વાસ આવ્યો ત્યાં તું વીતરાગ થયા વિના રહીશ જ નહિ. .૭.

## રાગ તે આત્મા નહિ

શરીર-રાગ તો આત્મા નહિ પણ એક સમયની શુદ્ધ પર્યાય—ક્ષાયિક પર્યાય પણ આત્મા નહિ, ખરેખર આત્મા તો ત્રિકાળી ધ્રુવસ્વભાવ પરમપારિણામિક ભાવ જ આત્મા છે. સંવર-નિર્જરા-મોક્ષ પર્યાય પણ આત્મા નહિ, ઉપાદેય નહિ, ઉપાદેય તો કારણપરમાત્મા જ છે. ૮.

## રાગ એ મારામાં છે એ દૃષ્ટિ જ મિથ્યા છે

રાગ એ મારામાં છે અને એને મારે ઘટાડવો છે—એ દૃષ્ટિ જ મિથ્યા છે. રાગનો હું કર્તા નથી. રાગ મારાથી ભિન્ન છે. રાગનો હું જ્ઞાતા છું. એવી દૃષ્ટિ કરતાં રાગ ઘટી જાય છે. ૯.

## અરે આત્માઓ! તમે રાગી છો એમ ન માનો!

અરે આત્માઓ! તમે સાધારણ છો એમ ન માનો! જેને પૂર્ણ દશા પ્રગટી ગઈ છે એવા સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે અરે જીવો! તમે મારી નાતના ને જાતના પૂર્ણ

પ્રભુ છો તેને તમે ઊણો કે હીણો ન માનો. અંતરમાં પૂરણ પ્રભુ છો એમ માનો! ૧૦.

## શુભરાગ છે તે મારી ચીજ છે એવો અનાદિથી અભ્યાસ થઈ ગયો છે

શુભરાગ છે તે મારી ચીજ છે એવો અનાદિથી અભ્યાસ થઈ ગયો છે. આત્મા કરનારો ને શુભરાગ તેનું કર્મ એવી અજ્ઞાનથી કર્તા-કર્મની પ્રવૃત્તિ છે. પોતાના સ્વરૂપને જાણતા નથી એવા અજ્ઞાનીજીવો રાગ સાથે એકતાબુદ્ધિ કરીને 'રાગ મારું કર્તવ્ય છે'—એવી અજ્ઞાનપણે કર્તાકર્મની પ્રવૃત્તિ કરી રહ્યા છે. રાગ સાથે એકત્વપણું માન્યું છે પણ જ્ઞાયક પ્રભુ એકરૂપ થયો નથી. રાગની એકતાબુદ્ધિ એ અજ્ઞાનનો અભ્યાસ છે ને રાગથી ભિન્ન પડીને જ્ઞાયકનો અભ્યાસ તે ધર્મનો અભ્યાસ છે—જ્ઞાનનો અભ્યાસ છે. ૧૧.

## યોગસ્વરૂપ છું એમ તે માને છે

હું રાગમય છું તેમ માને છે તેથી મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ છું એમ તે માને છે. બીજાને પોતાના માનતા જીવની પરિણતિ બગડે છે. દયા-દાન-ભક્તિ-પૂજાનો શુભરાગ ભલે હો, પણ તેમાં એકતાબુદ્ધિ છે તે આસ્રવનું કારણ છે અને તેનાથી ભેદ પાડવો તે સંવરનું કારણ છે. ૧૨.

## મારામાં રાગ નથી એવા ભાનમાં સ્વચ્છંદ થાય જ નહિ

અરે! મારામાં પર કે રાગ કાંઈ નથી એવા ભાનમાં તો કેટલો કષાય મંદ થઈ જાય; એને સ્વચ્છંદ થાય જ નહિ. ભલે લડાઈ-ભોગના પરિણામ હોય છતાં અનંતાનુબંધી કષાય નથી અને મિથ્યાદૃષ્ટિ ત્યાગી થયો હોય છતાં અનંતાનુબંધી તીવ્રકષાયી છે. ૧૩.

## શુભ વિકલ્પ તે જ હું તે તો નપુંસકતાથી પણ નપુંસકતા છે

શુભ વિકલ્પને ઉત્પન્ન કરવો એ જ એક તો નપુંસકતા છે અને વળી શુભ વિકલ્પ તે જ હું તે તો નપુંસકતાથી પણ નપુંસકતા છે. ૧૪.

## પ્રતિજ્ઞા કરો કે પુણ્ય-પાપ મારા નથી

શ્રોતા :—આપ પ્રતિજ્ઞા તો કાંઈ કરાવતા નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પ્રતિજ્ઞા કરો કે પુણ્ય-પાપ મારા નથી, પરની ક્રિયા હું કરી શકતો નથી, હું તો શુદ્ધ ચૈતન્ય છું. સમ્યગ્દર્શન મારી વસ્તુ છે, પુણ્ય-પાપ મારા નથી.

આમ પહેલાં મિથ્યાત્વ ટાળવાની પ્રતિજ્ઞા થાય છે. ભાઈ! એકવાર નિયમ તો લે, સોગંદ તો લે કે આત્માના પૂર્ણ સ્વભાવ સિવાય બીજું કાંઈ મારે ખપતું નથી. ૧૫.

## રાગને પોતાનો માનવો તે વ્યભિચાર છે

અજ્ઞાનીજીવોને બંધનમાં નાખવા યમરાજાએ સ્ત્રી અને ગૃહવાસરૂપી મજબૂત જેલ રચી છે. સ્ત્રી એ ઘરનું મૂળ છે. સ્ત્રી બંધનું કારણ નથી પણ સ્ત્રી પ્રત્યેનો મોહ છે તે બંધનું કારણ છે. બીજી રીતે રાગની પરિણતિ તે સ્ત્રીનું ઘર છે–ગૃહવાસ છે. બાપુ! જગતની પ્રત્યેક ચીજના મોહ તે મહાપાપ છે. રાગવાળો પોતાને માનવો તે જૂઠું છે, તો સ્ત્રીવાળો પોતાને માનવો મહાજૂઠું છે. રાગની સાથે રમત કરવી તે વ્યભિચાર છે, રાગને પોતાનો માનવો તે વ્યભિચાર છે તો સ્ત્રી એ તો પર પદાર્થ છે, તેના મોહમાં ફસાય તે ફાંસામાં ફસાયો છે. ૧૬.

## વર્ણાદિ પુદ્ગલ જીવમાં નથી અને રાગાદિ વિકાર પણ જીવમાં નથી

વર્ણાદિ પુદ્ગલ જીવમાં નથી એ તો ઠીક, અને રાગાદિ વિકાર પણ જીવમાં નથી એ પણ ઠીક, પરંતુ સંયમલબ્ધિસ્થાન અને ગુણસ્થાનના જે ભેદો પડે છે તે પણ જીવમાં નથી કેમ કે અનુભૂતિમાં ભેદ ભાસતો નથી તેથી તે ભેદો જીવમાં નથી પણ પુદ્ગલના પરિણામ છે તેમ કહ્યું છે. ૧૭.

## વર્ણાદિ-રાગાદિ પુદ્ગલ જ છે

આ અનાદિના અવિવેકના નાટકમાં એટલે કે આનંદનો નાથ ચૈતન્યપ્રભુ આત્મા તથા રાગના એકપણાના અવિવેકના નાટકમાં પુદ્ગલ જ નાચે છે, જ્ઞાયકપ્રભુ તો જ્ઞાયકપણે જ રહ્યો છે. વર્ણાદિમાં પુદ્ગલ નાચે છે, રાગમાં પુદ્ગલ નાચે છે, અભેદ જ્ઞાનમાં પુદ્ગલ જ અનેક પ્રકારનું દેખાય છે. જીવ તો અભેદ એકાકાર છે. તેથી વર્ણાદિ-રાગાદિ પુદ્ગલ જ છે. ૧૮.

## જેને નિજ-આત્મજ્ઞાન વિના પરલક્ષી જ્ઞાનનો વિશેષ ક્ષયોપશમ હોય તેને વિકારરૂપ પરિણમવું જ ભાસે છે

જેને નિજ-આત્મજ્ઞાન વિના પરલક્ષી જ્ઞાનનો વિશેષ ક્ષયોપશમ હોય તેને વિકારરૂપ પરિણમવું જ ભાસે છે. પરસત્તાવલંબી જ્ઞાનના પ્રેમમાં સ્વભાવ પ્રત્યે દ્વેષ છે. ત્રિકાળીનાથનો આદર કર્યા વિના વિકારપણે પરિણમે છે તેને શુભાશુભભાવે પરિણમવું ભાસે છે પણ ચૈતન્યપણે પરિણમવું ભાસતું નથી. ૧૯.

## મેરેમેં રાગાદિ હૈ હી નહીં, ઐસે અંતરસે નિર્ણય કરના ચાહિયે

મેરેમેં રાગાદિ હૈ હી નહીં, વિકલ્પોંકો મૈં લા સકતા હી નહીં, છોડ સકતા હી નહીં—ઐસે અંતરસે નિર્ણય કરના ચાહિયે. ઐસે ઐસે ઉપર ઉપરસે ન ચલે. ૨૦.

## આત્માને રાગાદિનો કોઈ વળગાડ જ નથી

ચૈતન્યગોળો જ્ઞાનસૂર્ય એકલો જાણનાર જ છે, એને રાગાદિનો કોઈ વળગાડ જ નથી. એ પરિપૂર્ણતાથી ખસ્યો જ નથી, એ રાગ સ્વરૂપે થયો જ નથી, એ રાગને છોડે છે એમ જે કહેવાય છે તે પણ નામમાત્ર કથન છે. ૨૧.

## શુભાશુભ ભાવ આત્માના માનનાર આત્માને અજીવ માની રહ્યા છે

આત્મા સ્વભાવે પરમાત્મસ્વરૂપ છે, રાગાદિ તો તેના નથી પણ અલ્પજ્ઞતા પણ તેની નથી, એ તો સર્વજ્ઞ પરમાત્મપ્રભુ પોતે છે. તેને બદલે એમ માને કે શુભાશુભ ભાવ મારા છે, રાગ તથા દયા-દાનની ક્રિયાવાળો હું છું, તો તેણે પરમાત્માને જડ માન્યો છે. પરમાણુમાં થતી ક્રિયાઓ જડ છે એ તો ઠીક, પણ પુદ્‌ગલના સંગે થતી પુણ્ય-પાપની ક્રિયાનો ભાવ તે પણ અચેતન છે. તેમને આત્માના માનનાર આત્માને અજીવ માની રહ્યા છે. ૨૨.

## વિકારીપણું આત્મામાં નથી

વિકારીપણું તો આત્મામાં નથી પણ અલ્પજ્ઞપણું પણ ખરેખર આત્મામાં નથી. પહેલી ચોંટે સિદ્ધપણાનું સ્થાપન કરશે તેને જ સમ્યગ્દર્શન થાય છે. ૨૩.

## વસ્તુની દૃષ્ટિ કરાવવી છે તેથી રાગ પુદ્‌ગલના પરિણામ છે

શુભરાગ અસંખ્ય પ્રકારનો છે તથા અશુભના પણ અસંખ્ય પ્રકાર છે, તે બધોય જીવને નથી. આમ તો દસમા ગુણસ્થાન સુધી રાગ છે ને અહીં રાગ જીવને નથી તેમ કહ્યું છે કેમ કે જીવના સ્વરૂપમાં તો રાગ છે જ નહીં પણ સ્વરૂપની દૃષ્ટિ કરતાં જે અનુભૂતિ થાય છે તેમાં પણ રાગનો અભાવ છે. દસમા ગુણસ્થાને રાગ છે તેમ કહીને પર્યાયની સ્થિતિનું જ્ઞાન કરાવ્યું છે. પરંતુ અહીં તો વસ્તુની સ્થિતિની વાત છે, વસ્તુસ્વરૂપ કેવું છે તે કહીને વસ્તુની દૃષ્ટિ કરાવવી છે તેથી રાગ જડમાં છે, પુદ્‌ગલના પરિણામ છે, અચેતન છે, તેમાં ચેતનપણું નથી તેથી તે જીવમાં નથી, જીવના નથી. જીવના આશ્રયે અનુભૂતિ થાય છે તે રાગથી ભિન્ન પડીને થાય છે, જો રાગ જીવનો હોય તો તે ભિન્ન પડે નહીં. ૨૪.

## રાગનું કર્તૃત્વ જ મિથ્યાદર્શન છે

જ્ઞાનમાં ખરેખર તો રાગ જણાય છે. ત્યાં અજ્ઞાની માની બેસે છે કે મેં રાગ કર્યો; એ રાગનું કર્તૃત્વ જ મિથ્યાદર્શન છે. ૨૫.

## રાગ સાથે એકતા વર્તે છે એ પણ મિથ્યાત્વ છે

રાગ તો ઠીક પરંતુ એને જેટલો ક્ષયોપશમનો અંશ છે એટલો હું છું એમ એની સાથે એકતા વર્તે છે એ પણ મિથ્યાત્વ છે. ૨૬.

## ૧૧ અંગ ૯ પૂર્વનું જ્ઞાન પણ રાગની માફક પુદ્ગલના જ પરિણામ છે

રાગ તો પુદ્ગલના પરિણામ છે, પરંતુ ૧૧ અંગ ૯ પૂર્વનું જ્ઞાન પણ પુદ્ગલના પરિણામ છે, કારણ કે તેનાથી આત્માની શાન્તિ આવી નહીં. શાન્તિ આવી નહીં માટે ઈ આત્મા નહીં. આત્મા સાથે તો જ્ઞાનનો આનંદ વ્યાપ્ત છે. આનંદ ન આવ્યો માટે ૧૧ અંગ ૯ પૂર્વનું જ્ઞાન પણ રાગની માફક પુદ્ગલના જ પરિણામ છે...આ તો ઉલ્લસીત વીર્યથી જેને પોતાનું કામ કરવું છે તેને માટે આ વાત છે. ૨૭.

## રાગ રાગમાં રહ્યો છે, મારા સ્વરૂપમાં પ્રવેશ થયો જ નથી

મારી ચૈતન્યસ્વરૂપ ચીજ તો અનાદિથી એવી ને એવી છે. મારા ધામમાં કોઈએ પ્રવેશ કર્યો જ નથી. રાગ રાગમાં રહ્યો છે, ઉપર ઉપર રહ્યો છે. મારા સ્વરૂપમાં એ કોઈનો પ્રવેશ થયો જ નથી. મારું કાંઈ ખોવાણું નથી. મારું કાંઈ ઓછું થયું નથી. આમ જાણીને હે ભાઈ! તું પ્રસન્ન થા, પ્રસન્ન થા. ૨૮.

## પર્યાયમાં જે રાગ થાય છે તેને આત્મા તરીકે અનુભવનારાઓને આત્મા તિરોભૂત થઈ ગયો છે

પર્યાયમાં જે રાગ થાય છે તેને આત્મા તરીકે અનુભવનારાઓને આત્મા તિરોભૂત થઈ ગયો છે. રાગના સંબંધમાં રાગની રુચિમાં પડ્યો છે તેને જ્ઞાયકભાવ એકરૂપ ભાવ નજરે પડતો નથી, તેથી તેને જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે. ૮૪ લાખ યોનિની એક-એક યોનિમાં અનંતવાર ઉપજ્યો છે, કેમ?—કે તેણે રાગને પોતાનો માન્યો છે. સ્વ-પરપ્રકાશક જ્ઞાયક આત્મા અને વિકલ્પની ક્રિયા એ બેને ભિન્ન નહીં કરનારાઓને એક જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો હોવાથી ૮૪ લાખ યોનિમાં રખડે છે. ૨૯.

## હું રાગી છું એવી માન્યતા છોડી દેવી

શ્રોતા :—પ્રભુ! હું સંસારરોગથી પીડાતો દર્દી છું, એ રોગને મટાડનાર આપ ડૉક્ટર પાસે આવ્યો છું.

પૂજ્ય ગુરુદેવશ્રી :—કોઈ દર્દી જ નથી. હું દર્દી છું એવી માન્યતા છોડી દેવી. હું નિરોગી પરમાત્મસ્વરૂપ જ છું. ૩૦.

## હું રાગવાળો અલ્પજ્ઞતાવાળો એમ મનન નહિ કરો

ધર્મધૂરંધર યોગીન્દ્રદેવ પોકાર કરે છે કે અરે! આત્મા! તું પરમાત્મા જેવો છો છતાં તું જિનમાં ને તારામાં ફેર પાડે છો? ફેર પાડીશ તો ફેર કે દી છૂટશે? તેથી કહે છે કે હું રાગવાળો અલ્પજ્ઞતાવાળો એમ મનન નહિ કરો પણ જે જિનેન્દ્ર છે તે જ હું છું એવું મનન કરો! અરેરે, હું અલ્પજ્ઞ છું, મારામાં આવી કાંઈ તાકાત હોતી હશે?—એ વાત રહેવા દે ભાઈ! હું પૂરણ પરમાત્મા થવાને લાયક છું—એમ નહિ પણ પૂરણ પરમાત્મા અત્યારે હું છું—એમ મનન કર! આહાહા!! ૩૧.

## વિકૃતભાવ વસ્તુમાં નથી એવો યથાર્થ નિર્ણય કર્યો એટલે બસ, એ છૂટી ગયો!

એક સમયનો વિકૃતભાવ છે, એનાથી રહિત આખી ચીજ પડી છે. વિકૃતભાવ વસ્તુમાં નથી એવો યથાર્થ નિર્ણય કર્યો એટલે બસ, એ છૂટી ગયો! વિકૃતભાવથી ભેદ પાડવો; બસ એ કરવાનું છે, બીજું તો બધું જુદું જ છે. ૩૨.

## અરે જીવ! એકવાર વિકાર છે એ ભૂલી જા

અરે જીવ! એકવાર બીજું બધું ભૂલી જા ને તારી નિજ શક્તિને સંભાળ! પર્યાયમાં સંસાર છે, વિકાર છે એ ભૂલી જા ને નિજશક્તિની સન્મુખ જો તો તેમાં સંસાર છે જ નહિ. ચૈતન્યશક્તિમાં સંસાર હતો જ નહિ, છે જ નહિ ને થશે પણ નહિ. લ્યો, આ મોક્ષ! આવા સ્વભાવની દૃષ્ટિથી આત્મા મુક્ત જ છે. માટે એકવાર બીજું બધુંય લક્ષમાંથી છોડી દે ને આવા ચિદાનંદ સ્વભાવમાં લક્ષને એકાગ્ર કર તો તને મોક્ષની શંકા રહેશે નહિ, અલ્પકાળમાં અવશ્ય મુક્તિ થઈ જશે. ૩૩.

## ભેદજ્ઞાનની વિધિ

રાગ ને પુણ્ય-પાપના વિકલ્પની વાત તો ક્યાંય રહી ગઈ પણ જ્ઞાનની વર્તમાન

પર્યાયમાં ક્ષયોપશમનો અંશ પ્રગટ છે એ ભાવેન્દ્રિયને પ્રતીતિમાં આવતાં અખંડ એક જ્ઞાયકપણા વડે સર્વથા ભિન્ન જાણો—એનું નામ ભેદવિજ્ઞાન છે. ૩૪.

## હે ભવ્ય! રાગને ન જો!

હે ભવ્ય! તું શરીરને ન જો! રાગને ન જો! એક સમયની પર્યાયને ન જો! તારી પાસે તારો પૂર્ણાનંદ પ્રભુ પડ્યો છે તેને જો! અરે ભગવાન! તું પૂર્ણાનંદ સ્વરૂપ સમીપમાં જ પડ્યો છે તે દૂર કેમ રહી શકે! ૩૫.

## વ્યવહારરત્નત્રયનો સ્વામી પુદ્ગલ છે

વ્યવહારરત્નત્રયનો સ્વામી પુદ્ગલ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ભાવનો સ્વામી પુદ્ગલ છે, હું નથી. ૩૬.

## રાગને કાળે રાગ પણ થયા વિના રહેશે નહિ લે!

રોગના કાળે રોગ થયા વિના રહેશે જ નહિ. ઈન્દ્ર ઉપરથી ઉતરે તોપણ રોગ થયા વિના રહેશે નહિ લે! અને રાગને કાળે રાગ પણ થયા વિના રહેશે નહિ લે! હવે તારે નજર ક્યાં કરવી છે? સ્વભાવ ઉપર નજર નાખવી એ જ સંતોષ અને શાંતિનો ઉપાય છે. ૩૭.

## તીર્થંકરગોત્રનો ભાવ પુદ્ગલની સાથે તાદાત્મ્ય જાહેર કરે છે

મકાન મંદિર આદિ પુદ્ગલદ્રવ્યમાં વિસ્તરે છે–જાહેર કરે છે. ગલૂડિયું કૂતરીમાં વિસ્તરે છે–જાહેર કરે છે, આંગળી પકડીને ચાલતો છોકરો તે તેના બાપનો છે તેમ વિસ્તરે છે–જાહેર કરે છે, ધન-સંપત્તિ ધનવંતને જાહેર કરે છે. તેમ પુણ્ય-પાપના ભાવ, તીર્થંકરગોત્રનો ભાવ પુદ્ગલની સાથે તાદાત્મ્ય જાહેર કરે છે–વિસ્તરે છે, ભગવાન ચિદાનંદ આત્માને તે પ્રસિદ્ધ કરતા નથી. ૩૮.

## આત્માને રાગથી જરા મોકળો કરીને સાંભળવું

શ્રોતા :—કેવી રીતે સાંભળવું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ...આત્માને રાગથી જરા મોકળો કરીને સાંભળવું. હું સિદ્ધ છું—એવું લક્ષ પ્રથમ કરીને સાંભળવું. આ તો ભાઈ! પરમેશ્વરની વાતો છે. પરમેશ્વર કેમ થવાય એની વાતો છે. ૩૯.

## મિથ્યાત્વના નાશનું કારણ

ભલે રાગાદિ હો પણ રાગથી ને પરથી ભિન્ન એવો વિદ્યમાન આ આત્મા છે તેને શ્રદ્ધવો, એ જ મિથ્યાત્વના નાશનું કારણ ને મોક્ષનું કારણ છે. ૪૦.

## રાગાદિકો અપના માનના ઓ અપના ત્રિકાળી જીવનકી હિંસા હૈ

રાગાદિકો અપના માનના ઓ અપના ત્રિકાળી જીવનકી હિંસા હૈ. આત્મા જૈસા હૈ ઐસા ઉસકો કબૂલના ઓ આત્માકી દયા હૈ. ૪૧.

## રાગાદિ અત્યંત ભિન્ન દેખાય છે

શ્રોતા :—જ્ઞાનીને શરીર જેમ ભિન્ન દેખાય છે તેમ રાગાદિ ભિન્ન દેખાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જ્ઞાનીને શરીરની જેમ જ રાગાદિ ભિન્ન દેખાય છે, અત્યંત ભિન્ન દેખાય છે. ૪૨.

## રાગનો આદર છે તેને પુદ્ગલનો જ આદર છે

રાગનો, વ્યવહારનો આદર છે તેને પુદ્ગલનો જ આદર છે, પુદ્ગલનો પ્રવાહ એની સમીપ રહ્યા જ કરે છે. બાહ્ય-જ્ઞાનનો આદર કરે છે તે પણ પુદ્ગલનો જ આદર કરે છે. એને પુદ્ગલની જ સમીપતા રહેશે. ૪૩.

## જેના જ્ઞાનમાં રાગ દ્વૈત છે, તેને કેવળજ્ઞાન જ થશે

જેના જ્ઞાનમાં રાગ દ્વૈત છે, જુદો છે, અનેક છે, એનાથી ભિન્નતા છે અને ચૈતન્ય એકલો જ છે એ વાત પ્રસન્નતાથી સાંભળે છે તેને કેવળજ્ઞાન જ થશે, મુક્તિ થશે જ. ૪૪.

## મૈં ચૈતન્ય, રાગકો છુઆ હી નહીં

મૈં ચૈતન્ય, રાગકો છુઆ હી નહીં; અંતરકી દૃષ્ટિમેં રાગકા ત્યાગ હૈ. સંસારકા ઉદયભાવકો આત્મા કભી છુઆ હી નહીં. ઐસી ચીજ કો આત્મા કહતે હૈં. ૪૫.

## જ્ઞાતાસ્વભાવકો રાગકા કામ સોંપના ઉસકા અનાદર હૈ

જ્ઞાતાસ્વભાવકો રાગકા કામ સોંપના ઉસકા અનાદર હૈ. સિદ્ધ ભગવાનકો કહેના કિ તુમ આકર મેરી દયા કરો, ઐસે જ્ઞાતાસ્વભાવકો રાગ કરના કહેના હૈ. ૪૬.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# હે જીવો! નિઃસંદેહપણે જાણો!

## રાગાદિ ચિદ્વિકાર ચેતન નથી

રાગાદિ ચિદ્વિકારને (–ચૈતન્યવિકારોને) દેખી એવો ભ્રમ ન કરવો કે એ પણ ચૈતન્ય જ છે,...તેઓ ચેતન નથી, જડ છે. *—શ્રી સમયસાર, કળશ–૪૪ ભાવાર્થ*

## રાગાદિભાવો જીવના લક્ષણ છે જ નહીં

નિશ્ચયથી વર્ણાદિભાવો—વર્ણાદિભાવોમાં રાગાદિભાવો આવી ગયા—જીવમાં કદી વ્યાપ્તા નથી તેથી તેઓ નિશ્ચયથી જીવના લક્ષણ છે જ નહીં.

*—શ્રી સમયસાર, કળશ–૪૨ ભાવાર્થ*

## ચૈતન્યના વિકારો પણ જીવ નથી, પુદ્ગલ છે

...પરનિમિત્તથી થતા ચૈતન્યના વિકારો, જોકે ચૈતન્ય જેવા દેખાય છે તોપણ, ચૈતન્યની સર્વ અવસ્થામાં વ્યાપક નહિ હોવાથી ચૈતન્યશૂન્ય છે–જડ છે. વળી, આગમમાં પણ તેમને અચેતન કહ્યા છે...પુદ્ગલપૂર્વક થતાં હોવાથી તેઓ (ચૈતન્યના વિકારો) નિશ્ચયથી પુદ્ગલ જ છે કેમ કે કારણ જેવું જ કાર્ય થાય છે.

આ રીતે એમ સિદ્ધ કર્યું કે પુદ્ગલકર્મના ઉદયના નિમિત્તથી થતા ચૈતન્યના વિકારો પણ જીવ નથી, પુદ્ગલ છે. *—શ્રી સમયસાર, ગાથા–૬૮ ભાવાર્થ*

## વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો પુદ્ગલની રચના જાણો

અહો જ્ઞાનીજનો! આ વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો છે તે બધાય એક પુદ્ગલની રચના જાણો; માટે આ ભાવો પુદ્ગલ જ હો, આત્મા ન હો;...

*—શ્રી સમયસાર, કળશ–૩૯*

## ગુણસ્થાનપર્યંત ભાવો જીવના નથી

આ વર્ણથી માંડીને ગુણસ્થાનપર્યંત ભાવો સિદ્ધાંતમાં જીવના કહ્યાં છે તે વ્યવહારનયથી કહ્યાં છે; નિશ્ચયથી તેઓ જીવના નથી કારણ કે જીવ તો પરમાર્થે ઉપયોગસ્વરૂપ છે. *—શ્રી સમયસાર, ગાથા–૬૦ ભાવાર્થ*

### ગુણસ્થાનપર્યંત જે ભાવો છે તે નિશ્ચયથી જીવના નથી

...માટે વર્ણથી માંડીને ગુણસ્થાનપર્યંત જે ભાવો છે તે વ્યવહારથી જીવના છે અને નિશ્ચયથી જીવના નથી એવું (ભગવાનનું સ્યાદ્વાદવાળું) કથન યોગ્ય છે.

*—શ્રી સમયસાર, ગાથા-૫૬*

### રાગમોહાદિક ભાવો (આત્માથી) ભિન્ન છે

જે વર્ણાદિક અથવા રાગમોહાદિક ભાવો કહ્યા તે બધાય આ પુરુષથી (આત્માથી) ભિન્ન છે.

*—શ્રી સમયસાર, કળશ-૩૭*

### તે બધાય પુદ્‌ગલજન્ય છે

આ ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો (વર્ણાદિકથી માંડીને ગુણસ્થાનપર્યંત) છે તે બધાય પુદ્‌ગલજન્ય છે—પુદ્‌ગલના જ છે. *—શ્રી સમયસાર, કળશ-૩૬*

### અશુદ્ધ પર્યાયો પુદ્‌ગલના ચિતરામણ જેવા છે એમ હે જીવો! નિઃસંદેહપણે જાણો

નિશ્ચયથી, વિદ્યમાન ગુણસ્થાન, માર્ગણાસ્થાન, દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ ઈત્યાદિ જેટલા અશુદ્ધ પર્યાયો છે તે બધાય એકલા પુદ્‌ગલદ્રવ્યનું કાર્ય છે અર્થાત્ પુદ્‌ગલના ચિતરામણ જેવા છે એમ હે જીવો! નિઃસંદેહપણે જાણો. *—શ્રી કળશટીકા, કળશ-૩૯*

### વિભાવ પરિણામો જીવસ્વરૂપથી 'ભિન્ન' છે

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિભાવ પરિણામોને જીવસ્વરૂપથી 'ભિન્ન' કહ્યાં, ત્યાં 'ભિન્ન'નો ભાવાર્થ તો હું સમજ્યો નહિ. 'ભિન્ન' કહેતાં, 'ભિન્ન' છે તે વસ્તુસ્વરૂપ છે કે 'ભિન્ન' છે તે અવસ્તુરૂપ છે? ઉત્તર આમ છે કે અવસ્તુરૂપ છે. તે કારણે જ શુદ્ધસ્વરૂપનો અનુભવશીલ છે જે જીવ તેને વિભાવ પરિણામ દૃષ્ટિગોચર નથી થતાં, ઉત્કૃષ્ટ છે એવું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય દૃષ્ટિગોચર થાય છે. *—શ્રી રાજમલ્લજી, કળશટીકા કળશ-૩૭*

### કર્મ દ્વારા ઉપજાવવામાં આવતાં જીવના કષાયાદિક પરિણામ

જીવના કષાયાદિક જેટલા પરિણામ છે તે બધાં ચેતનાને નિમિત્તભૂત કરીને કર્મ દ્વારા ઉપજાવવામાં આવે છે, જેમ કુંભારનું નિમિત્ત પામીને માટીના પિંડ દ્વારા ઘટાદિક ઉપજાવવામાં આવે છે.—*શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચૂલિકા અધિકાર, શ્લોક-૩૯*

## શ્રી દિગંબર જૈન સંઘ-વાંકાનેર દ્વારા
## અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિશેષ આનંદોલ્લાસસહ સંપન્ન,
## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૭મો

# ❀ સમ્યક્ત્વજયંતી મહોત્સવ ❀

ધન્ય! સમ્યક્ત્વમાર્ગદાતા પૂજ્ય ગુરુદેવશ્રી, ધન્ય! સમ્યક્ત્વવિભૂષિત ભગવતીમાતા,

ધન્ય! ફાગણ વદ ૧૦.

અહો! ભવોદધિ તારણહાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શાસનના અનોખા રત્ન, તેઓના સદુપદેશથી ભવાંતકારી સ્વાનુભૂતિયુક્ત સમ્યક્ત્વને પ્રાપ્ત કરનાર—પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂ. બહેનશ્રીનો સમ્યક્ત્વ પ્રાપ્તિનો મહોત્સવ સુવર્ણપુરીમાં પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણાથી ઘણા વર્ષોથી ઉજવાય છે. પરંતુ આ વર્ષે ૭૭મો સમ્યક્ત્વ-જયંતી મહોત્સવ વિશેષ આનંદ ઉલ્લાસસહ ઊજવવામાં આવ્યો.

### * પંચાહ્નિક આયોજન તથા ઉત્સાહ *

આ સમ્યક્ત્વજયંતી મહોત્સવ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૧૭-૩-૨૦૦૯ થી તા. ૨૧-૩-૨૦૦૯ સુધી પંચદિવસીય ભવ્ય સમારોહપૂર્વક, શ્રી દિગંબર જૈન સંઘ-વાંકાનેર દ્વારા, અનેક વિશેષતાઓ સહ અત્યંત ભક્તિભાવપૂર્વક ઊજવવામાં આવ્યો. આ મહોત્સવમાં ભાગ લેવા માટે દેશ-વિદેશના લગભગ ૧૦૦૦ મુમુક્ષુઓ સુવર્ણપુરીમાં એકત્ર થયા હતા. આ ઉત્સવાર્થે સ્વાધ્યાયમંદિરના પાછળના ભાગમાં મંડપ બાંધવામાં આવ્યો હતો. મંડપને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના નિજાત્મકલ્યાણકારી વચનોથી તથા પૂર્વાચાર્યોનાં સમ્યક્ત્વમહિમાસૂચક કથનોનાં રંગબેરંગી બેનરોથી સુશોભિત કરવામાં આવ્યો હતો. વાંકનેર મુમુક્ષુ મંડળના સભ્યો તરફથી "સમવસરણ વિધાન પૂજા"નું મંડલ શ્રી જિનેન્દ્ર સમવસરણના રૂપમાં અત્યંત સુંદરરૂપે બનાવવામાં આવ્યું હતું જે ઉત્સવનું વિશિષ્ટ આકર્ષણ બની ગયું હતું. તથા મુખ્ય દિવસે (ફાગણ વદ-૧૦) સ્ટેજ ઉપર પૂજ્ય બહેનશ્રી દ્વારા સમ્યક્ત્વની અભિવ્યક્તિ તથા તેઓશ્રીના સમ્યક્ત્વ પ્રાપ્તિના પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પંડિતરત્ન હિંમતભાઈના ભાવોને અભિવ્યક્ત કરતું મોટું પોસ્ટર લગાવવામાં આવ્યું હતું જે અત્યંત ધ્યાનાકર્ષક લાગતું હતું.

### * ઉત્સવનો દૈનિક કાર્યક્રમ *

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ક્રમશઃ સવારે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનું માંગલિક, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, પરમાગમમંદિરમાં શ્રી સમવસરણ વિધાન પૂજા, વિવિધ બેનરોથી શોભિત વિશાળ મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું સમયસાર કળશટીકા ઉપર CD

પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિશેષ ભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર પ્રવચન, સમૂહ જિનેન્દ્રભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, સાંજે સાંજી-ભક્તિ રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું બહેનશ્રીનાં વચનામૃત ઉપર **CD** પ્રવચન તથા અન્ય **VDO** દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીની યાત્રાનું દર્શન આ પ્રક્રમ બરાબર નિયમિત ચાલતો હતો. ઉત્સવના બધા જ કાર્યક્રમોમાં મુમુક્ષુઓએ ઘણા જ ઉત્સાહથી લાભ લીધો હતો. બધા કાર્યક્રમોમાં કાર્યક્રમ-સ્થળ (મંદિર તથા મંડપ) ભરચક થઈ જતાં હતાં.

## * પૂજ્ય બહેનશ્રીની · વધાઈ *

તા. ૨૧-૩-૦૮ને મંગળવારના મહા પવિત્ર દિવસે ભવ્ય મંડપમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ તેમની મંગલ વધાઈનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભજનમંડળીએ મધુર ભક્તિગીતોથી વાયુમંડળને ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું. આ મહોત્સવમાં આયોજકો, શ્રી વાંકનેર દિગંબર જૈન સંઘ દ્વારા, મુમુક્ષુઓ માટે ભોજન તથા નિવાસની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ મંગલ અવસર પર શાસ્ત્ર પ્રવચન સર્વશ્રી બ્ર. શ્રી વજુભાઈ (વઢવાણ), શ્રી હિંમતભાઈ ડગલી (સોનગઢ), શ્રી નિરંજનભાઈ (સુરત) તથા શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર) તથા શિક્ષણવર્ગોમાં અધ્યાપન ડૉ. પ્રવીણભાઈ દોશી (રાજકોટ), શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર) તથા શ્રી રમેશભાઈ મહેતા (સલાલ) દ્વારા ગુરુમહિમાપૂર્ણ સુંદર શૈલીથી કરવામાં આવ્યું હતું.

આ મહોત્સવ પર કાયમી મંડલવિધાનપૂજા બાવન મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

આ મંગલ અવસર પર સંસ્થાને નીચે પ્રમાણે કુલ રૂા. ૧,૯૫,૮૦૭=૦૦ ની ઉપજ થઈ હતી.

| | | |
|---|---|---|
| ૧. ૭૭ના અંકમાં ૭૭ × ૮૮૪ | = | ૬૮,૦૬૮.૦૦ |
| ૨. પ્રાસંગિક વિધાનપૂજા ૩ × ૧૦૦૦ | = | ૩,૦૦૦.૦૦ |
| ૩. જિનેન્દ્ર આરતીમાં | = | ૭,૨૭૧.૦૦ |
| ૪. રથયાત્રા તથા વધાઈના સ્ટેજ પર | = | ૨૬,૩૬૭.૦૦ |
| ૫. અન્ય | = | ૯૧,૧૦૧.૦૦ |
| કુલ | = | ૧,૯૫,૮૦૭.૦૦ |

તદ્ ઉપરાંત મહોત્સવનો તમામ ખર્ચ આયોજક શ્રી દિગંબર જૈન સંઘ વાંકાનેર તરફથી આપવામાં આવ્યો હતો.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તથા શ્રી હિરાચંદભાઈ ત્રિભોવનદાસ દામાણી પરિવાર, હ. બ્ર. જશીબેન દામાણી દ્વારા આયોજિત

# શ્રી મહાવીર-જયંતી તથા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૭૫મા પરિવર્તનનો ત્રિદિવસીય અમૃત મહોત્સવ સાનંદ સંપન્ન

આ ચોવીસીના ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામીનો વાર્ષિક જન્મકલ્યાણક તથા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૭૫મો પરિવર્તનદિન અમૃતમહોત્સવરૂપે ત્રિદિવસીય વિશેષ સમારોહપૂર્વક તા. ૫-૪-૨૦૦૯ રવિવારથી તા. ૭-૪-૨૦૦૯ મંગળવાર સુધી સુવર્ણપુરી (સોનગઢ)માં રત્નત્રયવિધાન મંડળપૂજા વગેરે વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવ્યો. આ મહોત્સવના મુખ્ય દિવસ ચૈત્ર સુદ-૧૩ના રોજ શ્રી પરમાગમમંદિરમાં ભગવાન શ્રી મહાવીરની પૂજા તથા રત્નત્રયવિધાનના સમાપન બાદ સર્વે મુમુક્ષુ ભાઈબહેનો ઝુલુસરૂપે પરિવર્તનસ્થળ "સ્ટાર ઑફ ઈન્ડિયા" મકાનમાં ગયા. ત્યાં પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન તથા ભક્તિના વિશેષ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું. આ મહોત્સવ પ્રસંગે ત્રણે દિવસો દરમિયાન મુમુક્ષુઓ તથા મહેમાનો માટે આયોજકો દ્વારા ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમનો લાભ લેવા માટે બહારગામથી પણ ઘણા મુમુક્ષુઓ પધાર્યા હતા. સર્વએ અત્યંત ઉત્સાહથી બધા જ કાર્યક્રમોનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

❀

શ્રી રળિયાતબેન રાયચંદભાઈ શાહ, નાઈરોબી તરફથી પૂજ્ય ગુરુદેવશ્રી જન્મ-જયંતી અંકના પ્રકાશન ખાતે આજીવન સ્પોન્સર તરીકે સહયોગ મળેલ છે.

શ્રી રૂપાળીબેન તથા અમરચંદભાઈ વાલજીભાઈ ડગલી, લંડન હ. પૌત્ર ડો. મિલન (મયંક), પૌત્રી વિમલ, અલિશા તથા જિનબાળ અમરચંદભાઈ ડગલી, લંડન તરફથી પૂજ્ય ગુરુદેવશ્રી પરિવર્તન દિન—મહાવીરજયંતી અંકના પ્રકાશન ખાતે આજીવન સ્પોન્સર તરીકે સહયોગ મળેલ છે.

રૂા. ૧૦,૦૦૧/- શ્રીમતી વિદ્યાવતી જૈન પત્ની શીતલપ્રસાદ જૈન( દિલ્હી )ના સ્મરણાર્થે આ અંકના પ્રકાશનાર્થ સહયોગ મળેલ છે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી ૮-૩૦ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (પરમાત્મપ્રકાશ) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | પરમાગમ શ્રી પંચાસ્તિકાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૦૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી સમયસારનાટક ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

### વિદ્યાર્થીઓ માટે સોનગઢમાં ગ્રીષ્મકાલીન

## * ધાર્મિક શિક્ષણવર્ગ *

ગ્રીષ્મકાલીન શિક્ષણવર્ગ ઉનાળુ વેકેશન દરમ્યાન તા. ૨૩-૪-૨૦૦૯ ગુરુવારથી થી તા. ૧૨-૫-૨૦૦૯ મંગલવાર સુધી સોનગઢમાં રાખવામાં આવેલ છે. આ વીસ દિવસીય શિક્ષણવર્ગમાં ઉત્તમ તેમજ મધ્યમ એમ બે કક્ષા રાખવામાં આવશે.

મુમુક્ષુમંડળનાં બાળકો તેમજ યુવાનોને અધ્યાત્મપ્રધાન ધાર્મિક સંસ્કાર પ્રાપ્ત થાય તે હેતુથી આપના મુમુક્ષુમંડળના બાળકો તેમજ યુવાનોને આ ધાર્મિક શિક્ષણવર્ગમાં અવશ્ય મોકલવા સર્વ મુમુક્ષુ મંડળોને અનુરોધ છે.

સૂચના— (૧) વિદ્યાર્થીઓ માટે આવાસ તથા ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે.
(૨) વિદ્યાર્થીઓ-પોતાના આગમનની આગોતરી સુચના ટપાલ દ્વારા મોકલાવે.

*પ્રબંધક- શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ*
*સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)*

અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં

પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૨૦મો

# મંગલ-જન્મજયંતી-મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૨૦મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢ (સુવર્ણપુરી)માં શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુમંડળ, મુંબઈ દ્વારા અતિ આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે.

તદ્‌નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીનો આગામી ૧૨૦મો જન્મ-જયંતી (વૈશાખ સુદ-૨)નો મંગળ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૨૨-૪-૨૦૦૯ બુધવારથી તા. ૨૬-૪-૨૦૦૯ રવિવાર—પાંચ દિવસ સુધી 'શ્રી ષોડશકારણભાવના-વિધાન પૂજા,' પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક સી.ડી. પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભક્ત વિદ્વાનોનાં શાસ્ત્ર પ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ, તા. ૨૨-૨૩-૨૪ ત્રણ દિવસ ધાર્મિક શિક્ષણ-શિબિર, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની દિ૦ જૈન ભજનમંડળી દ્વારા દેવ-ગુરુભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા માટે અમારા તરફથી ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

*નિમંત્રક*

શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુમંડળ

મુંબઈ

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ જેને આત્માની ખરેખર રુચિ જાગે તેને ચોવીશે કલાક એનું એ ચિંતન, ઘોલન ને ખટક રહ્યાં જ કરે, ઊંઘમાં પણ એનું એ રટણ ચાલ્યા કરે. અરે! નરકમાં પડેલો નારકી ભીષણ વેદનામાં પડ્યો હોય અને પૂર્વે સત્ સાંભળ્યું હોય તેનું સ્મરણ કરી ફડાક દઈને અંદરમાં ઉતરી જાય છે, એને પ્રતિકૂળતા નડતી જ નથી ને! અને સ્વર્ગની અનુકૂળતામાં પડ્યો હોય તોપણ અનુકૂળતાનું લક્ષ છોડી અંદરમાં ઉતરી જાય છે, અને અહીં જરાક પ્રતિકૂળતા હોય તો અરે! મારે આમ છે ને તેમ છે—તેમ કરી કરીને અનંત કાળ ગુમાવ્યો! હવે એનું લક્ષ છોડીને અંદરમાં ઉતરી જા ને! ભાઈ! આના વિના બીજો કોઈ સુખનો માર્ગ નથી. ૪૭૭.

❀ આચાર્યદેવ કહે છે કે અમે અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ હો! અમે અનંતા સિદ્ધોનું પસ્તાનું પર્યાયમાં મૂક્યું છે તો અમે પણ ભવિષ્યમાં અલ્પકાળમાં સિદ્ધ થવાના છીએ. અનંતા અનંતા સિદ્ધોને નિર્વિકલ્પ દશા દ્વારા મારી અલ્પજ્ઞ પર્યાયમાં ને રાગમાં સ્થાપું છું. જ્ઞાનમાં તો જાણીને સ્થાપું છું ને રાગમાં વિકલ્પમાં બહુમાન લાવીને સ્થાપું છું કેમ કે વિકલ્પ કાંઈ જાણતું નથી. એ રીતે ભાવ ને દ્રવ્યસ્તુતિથી પોતાનામાં અનંત સિદ્ધોને સ્થાપે છે અને શ્રોતાની પર્યાયમાં પણ સ્થાપે છે. હજુ તો શ્રોતા તરીકે સાંભળવા આવ્યો છે, ભલે અજ્ઞાની છે છતાં કહે છે કે તું શ્રોતા તરીકે સાંભળવા આવ્યો તો તારી પર્યાયની પણ અમને એટલી લાયકાત લાગે છે કે તારી પર્યાયમાં અમે અનંતા સિદ્ધોને સ્થાપીએ છીએ, અને તારા વિકલ્પ દ્વારા પણ અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપીએ છીએ કેમ કે સ્વ અને પરમાં ભાવ અને દ્રવ્ય બન્નેથી સ્થાપે છે ને! ૪૭૮.

❀ સમયસાર ગાથા ૫૦ થી ૫૫મા અનુભૂતિને આત્મા કહ્યો છે ત્યાં જેટલા વિકલ્પો ઊઠે છે તેનાથી ભિન્ન અને સ્વથી અભિન્ન કહેવું છે, તેથી અનુભૂતિની નિર્મળ પર્યાયને આત્મા કહ્યો છે પણ જ્યારે એ અનુભૂતિ કેમ પ્રગટે છે તે બતાવવું હોય ત્યારે તો ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય તે સ્વ છે ને તેનો આશ્રય કરનાર પર્યાય તે પર છે, ભિન્ન છે—તેમ નિયમસાર ગાથા ૫૦ મા કહ્યું છે. એ અનુભૂતિની નિર્મળ પર્યાય ધ્રુવદ્રવ્યને સ્પર્શતી નથી ને ધ્રુવદ્રવ્ય અનુભૂતિને સ્પર્શતું નથી. અહો! આ તો પરમ અધ્યાત્મના અંદરના ગંભીર સૂક્ષ્મ ભાવો છે. જાણનક્રિયા અને ત્રિકાળી ધ્રુવદ્રવ્ય એ એક બીજાને સ્પર્શતા નથી, છતાં જાણનક્રિયાનો આધાર આત્મદ્રવ્ય છે. ૪૭૯.

❀

આત્મધર્મ
એપ્રિલ-૨૦૦૯
અંક-૮ * વર્ષ-૩

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## મુમુક્ષુને શોભે નહીં એવી જાતના કાર્યો પણ આત્માર્થીને હોય નહીં

શ્રોતા : આવું તત્ત્વ મળ્યું; અમે અમારાથી થઈ શકે એટલો પ્રયત્ન—ચિંતન-મંથન બધું જ કરીએ છીએ; પણ વ્યવહારજીવનમાં હાલતાં-ચાલતાં કોઈ ખોટું બોલવાના ભાવ કે માયાચારીના ભાવ કરતાં હોઈએ અને સામા જીવને દુઃખ થશે એવું જાણવાની દરકારનો ભાવ ના રહેતો હોય; ઇ બધુંય તો બાહ્ય છે તો ઈ આત્મસાધનામાં કાંઈ નડતરરૂપ થાય કે...પાત્રતાનું (...કાંઈક કહો)....

પૂજ્ય બહેનશ્રી : પોતે સમજી લેવાનું કે ક્યા જાતના ભાવ આવે છે. મુમુક્ષુની ભૂમિકામાં અંદર આત્માર્થનું પ્રયોજન મુખ્ય રહે, આત્માર્થીને શોભે નહીં એવી જાતના મર્યાદા તોડે એવા વિચારો આત્માર્થીને હોય નહીં, એવા કાર્યો પણ આત્માર્થીને હોય નહીં. આત્માર્થને પોષણ થાય, આત્માર્થતાની મુખ્યતા રહે એવા ભાવો આત્માર્થીને હોય છે. પોતાની આત્માર્થતા ને મર્યાદા તૂટી જાય એવા ભાવો આત્માર્થીને હોતા નથી. પછી કઈ જાતના (ભાવો) આવે છે ઈ પોતે વિચારવાનું રહે છે. એમાં કચાશ હોય તો પોતાની પાત્રતા વધારવી. આત્માર્થતાનું મુખ્ય પ્રયોજન રહે. આત્માર્થતાને કાંઈ ખલેલ પહોંચે એવા મર્યાદા બહારના વિચારો આત્માર્થીને હોતા નથી

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી, તા. ૧૩-૩-૮૪

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org